# ઉજ્જૈન

ઉજ્જૈન નગરીની આસપાસમાં થોડે-થોડે અંતરે ઘણા જિનમંદિરો છે. જ્યાં જવા માટે ટેમ્પો ભાડેથી મળે છે. ચાલતાં જવુ ન પોસાય, કારણ કે આ મંદિરો ઉજ્જૈન શહેરથી થોડે-થોડે અંતરે દૂર છે. લગભગ આખા ટેમ્પાનું ભાડુ રૂા. ૨૦૦/- થી રૂા. ૨૫૦/- લે છે, જેમાં ૧૨-૧૩ વ્યક્તિઓ આરામથી બેસી શકે છે. ઉજ્જૈનની આસપાસમાં નીચે મુજબ ચૌદ મંદિરો તથા ચૈત્યાલયો છે.

(૧) શ્રી મહાવીર જિનમંદિર, ચીમનગંજમંડી (પ્રતિષ્ઠા સન ૧૯૯૬)
(૨) શ્રી સુમતિનાથ ચૈત્યાલય, ઈન્દીરાનગર
(૩) શ્રી ચન્દ્ર પ્રભુ દિગંબર જૈન મંદિર, ભૈરવગઢ
(૪) શ્રી પાર્શ્વનાથ દિગંબર જૈન મંદિર, નયાપુરા
(૫) શ્રી નેમિનાથ દિગંબર જૈન મંદિર, જયસિંહપૂરા
(૬) શ્રી પાર્શ્વનાથ દિગંબર જૈન મંદિર, ફ્રીગંજ (કલ્યાણમલ મંદિર)
(૭) શ્રી આદિનાથ દિગંબર જૈન મંદિર, ઋષિનગર
(૮) શ્રી શાંતિનાથ દિગંબર જૈન મંદિર, લક્ષ્મીનગર
(૯) શ્રી મહાવીર દિગંબર જૈન મંદિર, લક્ષ્મીનગર
(૧૦) શ્રી પાર્શ્વનાથ દિગંબર જૈન મંદિર, સબ્જીમંડી
(૧૧) શ્રી શાંતિનાથ જિન ચૈત્યાલય, વિનોદ મીલ
(૧૨) શ્રી સીમંધરનાથ જિન ચૈત્યાલય, ક્ષીરસાગર સ્ટેડીયમ
(૧૩) શ્રી ચન્દ્ર પ્રભુ દિગંબર જૈન મંદિર, નમકમંડી
(૧૪) શ્રી જૈન બોર્ડીંગ જિન ચૈત્યાલય (જૈન બોર્ડીંગ ભવન)

ઉપર જણાવેલ મંદિરોમાં અમુક તો ચૈત્યાલયો (ઘરમંદિર) છે. તેમજ વિનોદ મીલ પણ દૂર છે. એકંદરે બધા મંદિર નાના અને સાદા છે. આ મંદિરોનું વર્ણન નીચે મુજબ છે.

૧. શ્રી સુમતિનાથ ચૈત્યાલય : અહીં શ્રી સુમતિનાથ પ્રભુના પ્રતિમાજી છે. પંચધાતુના બે ભગવાન તથા સફેદ સ્ટીલ જેવી ધાતુના બે પ્રતિમાજી છે.

૨. ભૈરવગઢ : માણેકચોકમાં શ્રી ચન્દ્ર પ્રભુજીના મંદિરમાં આરસના પાંચ નાના-નાના પ્રતિમાજી છે. દિવાલ ઉપર શ્રી સમ્મેદશિખરજી, પાવાપુરી જલમંદિર-તેમ જુદા-જુદા રંગીન ચિત્રપટો છે.

૩. નયાપુરામાં શ્રી પાર્શ્વનાથ પ્રભુજીનું સુંદર અને દર્શનીય મંદિર છે. કાચનું રંગબેરંગી કામ આ મંદિરમાં કરેલ છે. શ્યામ આરસના શ્રી પાર્શ્વનાથ પ્રભુજીની પ્રતિમા છે. બાજુમાં બીજા બે પ્રતિમાજી છે. બાજુમાં ખડ્ગાસને આરસના શ્રી બાહુબલીજી, શ્રી આદિનાથજી તથા શ્રી ભરતજીની સુંદર અને મોટી પ્રતિમાજીઓ છે. બીજી તરફ ત્રણ ચક્રવર્તી- શ્રી કુન્થુનાથજી, શ્રી શાંતિનાથજી તથા શ્રી અરનાથજીની ખડ્ગાસને આરસની મોટી અને ભવ્ય પ્રતિમાજીઓ છે.

આ મંદિરમાં રંગ તથા સુવર્ણનું સુંદર ચિત્રકામ છે. ઉપરના માળે શ્રી ચન્દ્ર પ્રભુજીનું મંદિર છે. આરસની ગંધકૂટીમાં શ્રી ચન્દ્ર પ્રભુજી બિરાજમાન કરેલ છે. પાછળ દિવાલ ઉપર શ્રી સમ્મેદશિખરજીનું રંગીન અને મોટું ચિત્રપટ છે. તેની બાજુમાં શ્રી બાવનગજા-બડવાનીનું ચિત્રપટ છે. ખરેખર આ મંદિરજી જરૂર દર્શન કરવાલાયક છે.

૪. નમકમંડીમાં શ્રી નેમિનાથ દિગંબર જૈન મંદિર અતિશયક્ષેત્ર છે. આરસની ગંધકૂટીમાં શ્રી નેમિનાથ પ્રભુના ચોથા કાળના પ્રતિમાજી બિરાજમાન કરેલ છે. ડાબી તરફ આરસના નાના-મોટા ઘણા પ્રતિમાજી છે. જમણી તરફ શ્યામ આરસના શ્રી આદિનાથ પ્રભુ છે. આ સિવાય બીજા દસ-પંદર પ્રતિમાજી પણ આ મંદિરમાં છે. તે સિવાય પ્રાચીન જૈન મૂર્તિ સંગ્રહાલય છે કે જેમાં ખંડિત થઈ ગયેલા તથા ખોદકામ કરતા પ્રાપ્ત થયેલા નાના-મોટા ઘણા પ્રતિમાજી છે. અહીં પંચધાતુનું અર્ધુ સહસ્ત્રકૂટ મંદિર છે. ચોકમાં આરસનો નાનકડો માનસ્થંભ છે, જેમાં ઉપર ચૌમુખી ભગવાન છે. નીચે ભગવાન નથી. રસ્તામાં વચ્ચે જંતરમંતર (ઓબ્ઝરવેટરી) આવે છે. અહીં આરસમાં સુર્યાસ્ત, સુર્યોદય, નક્ષત્રો, વિગેરે જ્યોતિષીને લગતી માહિતી છે. બધી જ સમજ આરસમાં કોતરીને લખેલી છે.

૫. ઋષિનગરમાં શ્રી દિગંબર જૈન મંદિર નવુ જ બંધાયું છે. તેમાં આરસના બે નાના પ્રતિમાજી છે. બાજુમાં નવી નાની ધર્મશાળા તથા ઔષધાલય બાંધવાનું કામ શરૂ થયેલ છે, જે હવે બંધાઈ ગયા હશે.

૬. લક્ષ્મીનગરમાં શ્રી આદિનાથજીનું વીસપંથી જિનમંદિર છે. અહીં શ્રી આદિનાથ પ્રભુની ખડ્ગાસન મૂર્તિ છે. ડાબી તરફ ત્રણ દિગંબર જૈન મુનિઓ ૧.) શ્રી મહાવીરકીર્તિજી ૨.) શ્રી આદિસાગરજી તથા ૩.) શ્રી વિમલસાગરજીની આરસની મૂર્તિઓ છે.

૭. લક્ષ્મીનગરમાં જ શ્રી આદિનાથજીના મંદિરની અડોઅડ શ્રી મહાવીર પ્રભુનું તેરાપંથી દિગંબર જૈન મંદિર છે.

૮. માધવનગરમાં ફ્રીગંજમાં શ્રી પાર્શ્વનાથ દિગંબર જૈન મંદિર છે. સોનેરી આરસની વેદી ઉપર શ્રી પાર્શ્વનાથ ભગવાન બિરાજમાન કરેલ છે. બીજા ઘણા પંચધાતુના ભગવાન પણ છે. ડાબી તરફ આરસના પાંચ નાના પ્રતિમાજી છે. બીજા મોટા હોલમાં આરસના શ્રી ઋષભદેવ

ભગવાન છે. બાજુમાં શ્રી મહાવીર પ્રભુજી છે.

૯. ફ્રીગંજમાં કલ્યાણ મંદિર છે. (ઘાંસીલાલ કાંસલીવાલ) અહીં નાના પંચધાતુના શ્રી ચન્દ્ર પ્રભુજી છે. તે સિવાય શ્રી પાર્શ્વનાથ પ્રભુની શ્યામ આરસની બહુ મોટી-આશરે ૫ ફીટની પ્રતિમા છે. તેમની આજુ-બાજુ શ્યામ આરસના શ્રી નેમિનાથ ભગવાન તથા શ્રી મહાવીર ભગવાન છે. પાંચેય પ્રતિમાજી ઘણા જ ભવ્ય, સૌમ્ય અને ભાવવાહી-હસમુખા ચહેરાવાળા છે. આવા પ્રતિમાજી આપણા ઘણા જિનમંદિરોમાં હોય છે, જે ભાવવાહી અને સૌમ્ય હોય છે.

૧૦. શ્રી શાંતિનાથ દિગંબર જૈન ચૈત્યાલય જૈન બોર્ડીંગમાં છે. અહીં પંચધાતુના શ્રી શાંતિનાથ ભગવાન બિરાજમાન છે.

૧૧. વિનોદ મીલ - શ્રી શાંતિનાથ ચૈત્યાલય છે.

૧૨. ક્ષીરસાગર સ્ટેડીયમમાં શ્રી સીમંધર પ્રભુજીનું મંદિર છે. આ જિનમંદિરનો શિલાન્યાસ આપણા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામીના કરકમલ દ્વારા થયેલ છે તેમ અહીં પાટીયામાં લખેલું છે. અહીં મૂળનાયક શ્રી સીમંધર પ્રભુ છે. તેમની એક બાજુ શ્રી પાર્શ્વનાથ પ્રભુ અને બીજી બાજુ શ્રી પદ્મપ્રભુજી છે. નીચે સ્વાધ્યાય મંદિર હોલ છે. અહીં નિયમિત પાઠશાળા ચાલે છે. ઝાંઝરી પરિવાર અહીં પ્રવચન આપે છે. સ્વાધ્યાય મંદિર હોલમાં પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનો મોટો ફોટો પણ મૂકેલો છે.

૧૩. ચીમનગંજમંડીમાં નુતન જિનમંદિરનો બહારનો ભાગ-એલીવેશન બહુ જ સુંદર છે. આર્કીટેક્ટે તદ્દન નવી જ ડિઝાઈન કરી છે, જે આકર્ષક અને દર્શનીય છે. નીચે માત્ર ૩-૪ પગથિયાં ઊતરતા જ અન્ડરગ્રાઉન્ડમાં નાનકડો સ્વાધ્યાય મંદિર હોલ છે. પહેલા માળે પંચધાતુના પદ્માસન ૪ ફીટના શ્રી મહાવીર પ્રભુજી હોલમાં વચ્ચે આરસની કમળની વેદી ઉપર બિરાજમાન કરેલ છે. બંને તરફ મોટા કબાટ જેવા ગોખલામાં શાસ્ત્રજીની પ્રતિષ્ઠા કરી છે. મોટો કબાટ છે. તેને ફરતી સોનેરી બોર્ડર અને ઉપર શિખર કરેલ છે. તે કબાટમાં કાચના નાના-મોટા ચોરસ ખાનામાં શાસ્ત્રજી પધરાવ્યા છે. એક કબાટમાં શ્રી સમયસારજી વિગેરે પંચ પરમાગમો તથા બીજી તરફના કબાટમાં મોક્ષશાસ્ત્રજી, પરમાત્મપ્રકાશ, રત્નકરંડ શ્રાવકાચાર, કાર્તિકેયાનુપ્રેક્ષા તથા ગોમટસારજી પધરાવ્યા છે. આખા મંદિરમાં ઓઈલ પેઈન્ટ કરેલ છે અને દિવાલો ઉપર સુત્રો લખેલા છે, જેવા કે-ચારે અનુયોગના સૂત્રો, બાર ભાવના, ગુરુસ્તુતિ, ગુરુવંદન, વિગેરે દિવાલો ઉપર લખેલા છે.

ઉજ્જૈનના બધા જ મંદિરોમાં આ ચીમનગંજમંડીના મંદિરને પ્રથમ નંબર આપી શકાય. આ મંદિર તાજેતરમાં જ શ્રી ઝાંઝરી પરીવાર દ્વારા બંધાવવામાં આવ્યું છે.

o o o o o